**Innovation ID** **DTP0010000002493** **Sr No : 1**

**Innovation Title** ચણા (<i>Cicer arietinum</i>)ના છોડ પરથી લીલા ચણાના પોપટા છૂટા પાડવા

**Category** વૈવિધિક સંશોધન

**Notebook Number** Lok (૧) ૪ Aug ૧૯૯૬, Pg No. ૭

**Brief** ચણા (<i>Cicer arietinum</i>)ના છોડ પરથી લીલા ચણાના પોપટા છૂટા પાડવા લાકડાના પાટીયા ઉપર ત્રણ ઈંચની ખીલી લગાવીને સાધન બનાવવું.

**Detail** સુરત જિલ્લાના કેટલાક ખેડૂતો ચોમાસું ડાંગર બાદ ચણાનો પાક લે છે. સૂકા ચણા કરતાં લીલા ચણા (<i>Cicer arietinum</i>) શાકભાજી તરીકે વેચવાથી બજારભાવ સારો મળે છે. ચણા વીણવા માટે આ સમયગાળા દરમ્યાન મજૂરોની તંગી હોય છે. વળી, એક મજૂર દિવસના ૩૦ થી ૪૦ કિલોથી વધુ ચણા વીણી શકતો નથી. આથી, અમોએ લાકડાના નાના પાટીયા ઉપર ત્રણ ઈંચની ખીલીઓ ઊભી લગાવી, ત્યારબાદ ચણાના છોડને આ ખીલાઓમાંથી પસાર કરવાથી ચણા તૂટી જાય છે અને છોડ હાથમાં આવી જાય છે. આ પદ્ધતિથી એક દિવસમાં વ્યક્તિ દીઠ ૪૫૦ થી ૫૦૦ કિલો ચણા એકત્ર કરી શકાય.

(નોંધ- રાઠોડ ધુળાભાઈ એન.એ તારીખ ૮-૫-૨૦૦૬ના રોજ મુલાકાત લીધેલ તેના ઉપરથી માહિતી લીધેલ છે... આ ખેડૂતની આ પદ્ધતિ સાચી છે. પણ હાલ ગામમાં કોઈ ચણાનો પાક કરતું નથી. ડાંગર તેમજ શેરડીનો જ પાક વધારે કરે છે.
તેઓ થોડી સજીવ ખેતી સાથે રાસાયણિક ખેતી કરે છે. તેઓએહાલ શેરડીનો પાક લઇ તેના પાન ખેતરમાં જ પડી રહેવા દઈ તેને સડવા માટે મુકેલ છે. તે એક સજીવખેતી જેવું જ છે. તેમ કહે છે. તેઓનું કહેવું છે કે આ ખેતરમાં જો હું રાસાયણિક ખાતર નાખ્યું હોય તો આ શેરડીના પાન એક માસમાં કોહવાઈ જાય છે અને જો રાસાયણિક ખાતર નાખ્યા વગર કોહવા દવ તો ચાર માસ થાય છે. તેથી તે કહે છે કે એકલી સજીવ ખેતી નહિ પણ સાથે થોડી રાસાયણિક ખેતી કરવાથી ઘણી સરળતા રહે છે.
તેમનું કહેવું છે કે, શેરડીના પાકથી જમીન સુધરે છે, પોચી બને છે, જે પહેલા ખુલ્લા પગે ચાલતુ નહતું તે હવે શેરડીનો પાક લેવાથી જમીન પર ખુલ્લા પગે પણ ચાલી શકાય છે.
ડેરીનો ઉદ્યોગ સારો હોવાથી હાલ આ ગામમાં દેશી ઉપચાર લોકો કરતા નથી.)

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** લાકડું, ખીલી

**IPR Status**

**Keywords** પોપટા, ચણા, <i>Cicer arietinum</i>, છોડ, લીલા, સુરત

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૮૫ | Member Type | Innovator |
|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| First Name | મંગુભાઈ | Middle Name | ખુશાલભાઈ | Last Name | પટેલ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. અરીયાણા, વાયા. રાંદેર | | | Taluka | ઓલપાડ |
| District | Surat | State | Gujarat | Country | India |

**Biography** આ ખેડૂત બી.કોમ, એલ.એલ.બી થયેલ છે. તેઓ હાલ મુંબઇ એક કંપનીમાં નોકરી કરે છે અને સાથે ઘરે આવા અનેક અખતરા ઓથી ખેતી કરે છે. તેઓ દર શનિ રવિ ઘરે આવે છે. તેમની પાસે ૧૦૦ એકર જેટલી જમીન છે. તે જમીન મધ્યમ કાળી, ચીકણી, ગોરાળુ છે. તેઓ નહેરથી પિયત કરે છે. પિયત માટે મશીન છે. તેઓ પહેલા બળદથી ખેતી કરતા હતા. અત્યારે બળદ નથી. હાલ તેઓની પાસે ચાર ટ્રેક્ટર છે. તે ટ્રેક્ટરથી ખેતી કરે છે. તેઓ ડાંગર, શેરડી જેવા પાકોની વાવણી કરે છે. તેઓ લોકસરવાણીના આજીવન સભાસદ છે. તેઓને ૧ છોકરી અને ૧ છોકરો એમ બે સંતાન છે. તે પણ નોકરી કરે છે. તેઓની ઉંમર આશરે ૫૮ વર્ષ જેટલી છે. તેમના પતિ શ્રી ખુશાલભાઈ પણ ખેતી કરતા હતા. આ ખેડૂત એક ગામમાં સારા ખેડૂત તરીકે લોકો ઓળખે છે. તેઓ સારી એવી ભારે ખેતી કરે છે. ગામમાં કોઈ ખેડૂતોને લગતા આવા કોઈ ખેતી, સજીવખેતી વગેરે કામોમાં આગળ પડતા હોય છે અને લોકોને સહાય પુરી પાડે છે, આર્થિક પરિસ્થિતિ ખૂબ જ સારી છે. તેઓ હાલ ૨ ભેંસો પણ રાખે છે.

ગામનો પરિચય-
આ ગામ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલ છે. આ ગામ સુરતથી ૮થી ૧૦ કિલોમીટર છે. આ ગામની વસ્તી આશરે ૧૦૦૦ જેટલી છે. આ ગામ નહેરના પાણીથી ખેતી કરે છે. તેથી ગામ આર્થિક સારુ છે. આ ગામની જમીન મધ્યમ કાળી, ચીકણી, ગોરાળુ છે ગામમાં લોકો શેરડી, ડાંગર જેવા પાકો લે છે. આ ગામમાં આંબલી, આંબા, ચીકુ વગેરે વૃક્ષો જોવા મળે છે. ગામમાં ૧થી ૭ ધોરણ સુધી પ્રાથમિક શાળા છે. ગામમાં એક તળાવ પણ છે. ગામમાં લોકો ખેતી સાથે પશુપાલનનો પણ સારો એવો વિકાસ થયેલ છે. ગામમાં સુમુલ ડેરી છે. લોકો સારુ એવું દૂધ ઉત્પાદન કરે છે અને ડેરી દૂધ ઉત્પાદકોને ડોકટરી સેવા પુરી પાડે છે. આ ગામમાં ૧૦૦ જેટલા ટ્રેક્ટર છે. લોકો પાસે બળદો પણ છે. આમ શહેર નજીક હોવાથી વાહન વ્યવહારની સગવડ સારી છે.